# બાળકો બન્યાં મોટીવેટર્સ, તો મધર્સ બની અચીવર્સ...

સ્ત્રી લગ્ન પહેલાં ઉચ્ચ શિક્ષણ મેળવી લે અને પછી કોઈ વ્યવસાય અપનાવી લે કે બિઝનેસ શરૂ કરી પોતાનું કરિયર કોઈ ફિલ્ડમાં બનાવી લે તો વાત જુદી અને સરળ હોય છે પણ જો તે એક વાર ઘરસંસાર માંડી લે તો પછી તેના માટે ફરી પોતાનું પડતું મૂકેલું એજ્યુકેશન શરૂ કરવું કે પછી કોઈ બિઝનેસમાં ઝંપલાવવું દીવાસ્વપ્ન જેવું હોય છે. લગ્ન બાદ ઘરની જવાબદારી સાથે બાળકોની કરિયર બનાવવા મથવું પડતું હોય ત્યાં મોટા ભાગની સ્ત્રીઓ પોતાનું કરિયર બનાવવાનો વિચાર માંડી વાળતી હોય છે પણ કેટલીક ભાગ્યશાળી સ્ત્રીઓના જીવનમાં તેમનાં બાળકો દેવદૂત બનીને આવે છે અને માતાને ફરી ઉચ્ચ શિક્ષણ મેળવવા કે કરિયરમાં સેટ થવા એન્કરેજ કરતાં હોય છે અને ત્યારે હવે લાઈફમાં નવું કરવા માટે કાંઈ જ નથી રહેતું તેવું સ્વીકારી બેઠેલી સ્ત્રી નવા સપનાની ઉડાન ભરવા લાગે છે અને તે મોટી ઉંમરે પણ સક્સેસફૂલ બને છે અને એક્ટિવ રહે છે. તો આ મધર્સ ડે પર બાળકોના ઈંસ્પીરેશનથી સફળતાને વરેલી માતાઓ અને તેમના બાળકો વિશે જાણીએ.



## મમ્મીનાં વર્ષોનાં અથાણાંનાં કામને નવી ઓળખ આપી : ડૉ. હિરલ સવાણી



હિરલભાઈ ડેન્ટિસ્ટ છે તેમણે જણાવ્યું કે, ‘‘મારાં મમ્મી રમીલાબેન 70 વર્ષનાં છે તેઓ વર્ષોથી ઘર માટે જ વિવિધ અથાણાં જેમ કે, કેરી, કેરડો, ગુંદા, મરચાનું અથાણું બનાવે, જે ઘરે આવતા મારા મિત્રોને ખૂબ ભાવે. આ અથાણાં સૌરાષ્ટ્રના બોટાદના લાંબા મરચા વર્ષોથી ખાસ મંગાવીને બનાવે. મને એવો આઈડિયા આવ્યો કે મમ્મીના આ ઘર માટે બનાવાતાં અથાણાંના કામને એક ઓળખ મળે,તેમને રિવોર્ડ મળે અને સંતોષ મળે તે માટે મરચાંના અથાણાંનો સ્મોલ બિઝનેસ શરૂ કરીએ. મેં ફ્રેન્ડ્સ ગ્રુપમાં શેર કરી આ બિઝનેસ શરૂ કરવો કે નહીં તેનો ઓપિનિયન માંગ્યો અને મિત્રોએ તેને વધાવી લીધો. ફર્સ્ટ ટાઇમ આ રીતે અથાણાંના સેલિંગને ઘણો સારો રિસ્પોન્સ મળ્યો છે. હવે આવતા વર્ષે પણ અમે આ નાનકડા બિઝનેસને કન્ટીન્યુ રાખવાનો વિચાર કર્યો છે. મરચાં સાથે કેરી અને ગુંદાનું અથાણું પણ ટ્રાયલ બેઝ પર સેલિંગ માટે મૂકીશું.’’

**મધર રમીલાબેનના શબ્દો**

મને આના માટે મારા દીકરા અને વહુ કલ્પનાએ ખૂબ પ્રોત્સાહિત કરી. અમારા આ ઓર્ગેનિક અથાણાને વખાણવામાં આવ્યું તે જ મારો સૌથી મોટો પ્રોફિટ છે. મારો દીકરો અને મારી ડોટર ઇન લો મસાલા વગેરેની પ્રોસેસમાં મારી સાથે હોય છે. મનથી જ અથાણા બનાવું છું તો આ કામમાં મજા આવે છે.

## એજ્યુકેટેડ મધરને બિઝનેસ કરતી મધર બનાવી: પૂનમ અને જિમ્મી



પૂનમબેન અને તેમના ભાઈ જિમ્મી બંનેએ જણાવ્યું કે અમારા મધર 78 વર્ષની ઉંમરે પણ ડેરીનો બિઝનેસ ઘણી સારી રીતે હેન્ડલ કરી રહ્યાં છે. મમ્મીના જ્યારે અમારા પિતા વસંતભાઈ સાથે મેરેજ થયા ત્યારે તેઓ ભણતાં હતાં. ફાધર અને કાકા હસમુખભાઈએ મમ્મીને આગળ ભણાવી અને ગ્રેજ્યુએટ બનાવી. પછી મમ્મી ડેરીનું એકાઉન્ટ સંભાળતા. પૂનમબેને જણાવ્યું કે ફાધરનું નિધન થયું ત્યારે ભાઈ જિમ્મી નવા નવા આ બિઝનેસમાં જોડાયાં હતાં એટલે અમે મમ્મીને પ્રોત્સાહિત કર્યા કે, તેઓ એકાઉન્ટની સાથે બિઝનેસનું હેન્ડલિંગ કરી ભાઈ માટે સપોર્ટ સિસ્ટમ બને. અમારી મમ્મી આ એજમાં પણ સક્સેસફૂલ્લી બિઝનેસ સંભાળે છે.

**મધર મંજુલાબેનના શબ્દો**

મને મારા બાળકોએ ઘણી પ્રોત્સાહિત કરી છે અને હું મારા એજ્યુકેશનનો ઉપયોગ કરીને બિઝનેસ હેન્ડલિંગમાં મદદરૂપ બનું છું. લોકો પણ કહેતા હોય છે કે, તમે આ ઉંમરે પણ એક્ટિવ રહીને બીજા લોકો માટે પ્રેરણારૂપ બન્યા છો. મને અહીં ડેરીમાં એક્ટિવ રહેવું ઘણું ગમે છે. હું ખૂબ જ ખુશ છું.

## મમ્મીને કહેતી, ‘‘તું બધું જ કરી શકશે’’: પ્રણાલી પોદ્દાર



વ્યવસાયે ડોક્ટર પ્રણાલીએ જણાવ્યું કે, ‘‘મારા મધર નેહા પંકજ ગાંધી LLM, MBA છે અને એમ.ફિલ પણ કર્યું છે. તેમના મેરેજ થયા બાદ મારા ફાધરે તેમને LLB કરવા પ્રોત્સાહિત કર્યા હતાં ત્યારે હું 5 વર્ષની હતી. મમ્મીને ચીકુનગુનીયા થતા તેઓ LLM ની પરીક્ષા નહીં આપવાના હતાં ત્યારે મેં તેમને પ્રોત્સાહિત કર્યા કે તેઓ એકઝામ આપી શકશે તેઓ જોધપુર એકઝામ આપવા ગયા ત્યારે હું તેમની સાથે ગઈ હતી. મને ફીલ થયું કે મમ્મી એકઝામ નહીં આપે તો એક નોર્મલ હાઉસ વાઈફ બની જશે. મમ્મી લૉની પ્રેક્ટિસ કરતાં હતાં. તેમની ઓફિસ હતી જેના મેનેજમેન્ટ માટે મેં તેમને MBA કરવા પ્રોત્સાહિત કર્યા. મારા ફાધર પણ મારા મમ્મીના બેકબોન બનીને રહ્યા. મમ્મીએ પછી તો એમ.ફિલ. પણ કર્યું. મને ખૂબ ગર્વ છે કે મારી મમ્મી લૉની પ્રેક્ટિસ પણ કરે છે અને મારા ફાધરની ઓફિસનું મેનેજમેન્ટ પણ જુએ છે.

**મધર નેહાબેનના શબ્દો**

મને મારી દીકરી હમેશા સપોર્ટ કરતા કહે છે કે મમ્મી તું બધું જ કરી શકે છે. તેના આ પ્રોત્સાહનરૂપ શબ્દોએ જ મને ખૂબ આગળ વધારી છે.

## મમ્મીને કોકોનો નાનો બિઝનેસ શરૂ કરવા પ્રોત્સાહિત કર્યા: શૈશવ મોદી



શૈશવ મોદીએ જણાવ્યું કે, ‘‘મારી મમ્મી પ્રીતિબેન અમને રાત્રે જમ્યા બાદ મસ્ત સ્વાદિષ્ટ કોકો બનાવીને પીવડાવે. મારાં મમ્મી બપોરે ફ્રી હોય અને ત્યારે તેઓ કોઈ એક્ટિવિટી કરવા માંગતા હતાં એટલે મેં મમ્મીને ઘરેથી જ કોકો બનાવવાના બિઝનેસ માટે પ્રોત્સાહિત કર્યાં. મમ્મીને મારો આઈડિયા ગમ્યો અને તેઓ છેલ્લાં દોઢ-બે વર્ષથી ઘરે રોજનો 10-15 લીટર કોકો બનાવે જેનું સેલિંગ ઘરમાંથી જ થાય છે. શરૂઆતમાં કેટલાંક રિલેટિઝને કોકો પીવા આપ્યો. તેમને ટેસ્ટ ભાવ્યો પછી તો માઉથ ટૂ માઉથ પબ્લિસિટી થતી ગઈ અને સેલિંગ થતું ગયું. મને અને મારા વાઈફ રિદ્ધિને એ વાતની ખુશી છે કે મમ્મી 54 વર્ષની ઉંમરે પણ એક્ટિવ છે.

**મધર પ્રીતિબેનના શબ્દો**

જ્યારે પહેલીવાર મારા હાથનો બનાવેલો કોકોનું સેલિંગ થયું અને તેના પૈસા હાથમાં આવ્યા ત્યારે એવું ફિલ થયું કે હું હાઉસ વાઈફ તો છું જ હવે સાથે બીજું પણ સારું કાર્ય કરી રહી છું. મારા આ સ્મોલ બિઝનેસ ઘરગથ્થુ બિઝનેસ માટે જે કાંઈ ગ્રોસરી જોઈએ તે મારી ડોટર ઇન લો ઓનલાઈન ખરીદી મને સપોર્ટ કરે.